પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૪૬ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૩, મંગળવાર; ફાગણ સુદ - ૯ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# મનીષ સિસોદિયાને ૫ દિવસના રિમાન્ડ

**સીબીઆઈએ સોમવારે દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાને રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કર્યા હતા : સીબીઆઈએ દારૂ કૌભાંડમાં કોર્ટમાં પોતાનું સ્ટેન્ડ રજૂ કર્યું : સિસોદિયાએ સચિવને મૌખિક સૂચના આપી, તેમને નવી કેબિનેટ નોંધ બનાવવા માટે કહેવાયું હતું, તેનો હેતુ નીતિમાં ફેરફાર કરવાનો હતો**



નવી દિલ્હી, તા.૨૭

સીબીઆઈએ સોમવારે દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાને રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કર્યા હતા. કેન્દ્રીય તપાસ એજન્સીએ સિસોદિયાના ૫ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. તેણી તેને મળી. તેની તરફેણમાં તપાસ એજન્સીએ અનેક દલીલો આપી હતી. તેમણે કહ્યું કે મનીષ સિસોદિયા તપાસમાં સહકાર નથી આપી રહ્યા. તેમની પૂછપરછ કરવી જરૂરી છે. મનીષ સિસોદિયાના વકીલોએ ધરપકડનો વિરોધ કર્યો હતો. સીબીઆઈએ દારૂ કૌભાંડ મામલે કોર્ટમાં પોતાનો કેસ રજૂ કર્યો હતો. સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) એ ૨૦૨૧-૨૨ની આબકારી નીતિના અમલીકરણમાં ભ્રષ્ટાચાર અંગે લગભગ આઠ કલાકની પૂછપરછ પછી રવિવારે સાંજે મનીષ સિસોદિયાની ધરપકડ કરી હતી. આ વિકાસે ભારતીય જનતા પાર્ટી (મ્ત્ઁ)ની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર અને આપ વચ્ચેની રાજકીય ખાઈને વધુ ઊંડી બનાવી છે. કોર્ટે થોડા સમય માટે નિર્ણય અનામત રાખ્યો હતો. ત્યારબાદ સિસોદિયાના રિમાન્ડ સીબીઆઈને આપવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

### પીએમ મોદીએ રિલીઝ કર્યો ૧૩મો હપ્તો

## ખેડૂતોના ખાતામાં વધુ બે હજાર રૂપિયા જમા થયા

**કરોડો કિસાનોને હોળી પહેલા ભેટ મળી : ૮ કરોડથી વધુ કિસાનોના ખાતામાં ૨ હજાર રૂપિયા સીધા ટ્રાન્સફર**

નવી દિલ્હી, તા.૨૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઁ કિસાન સન્માન નિધિ યોજના (ઁસ્-દ્ભૈંજીછદ્ગ) નો ૧૩મો હપ્તો સોમવારે ૨૭ ફેબ્રુઆરીએ રિલીઝ કરી દીધો છે. જેમાં ૮ કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં ૨૦૦૦ રૂપિયા પહોંચી ગયા છે. પીએમ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ, આઠ કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં કુલ ૧૬,૮૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમ જમા કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે ગયા વર્ષે મે અને ઓક્ટોબરમાં આ યોજના હેઠળ ૧૧મો અને ૧૨મો હપ્તો બહાર પાડવામાં આવ્યો હતો.

હોળી પહેલાં ૮ કરોડથી વધુ કિસાનોને સરકારે ભેટ આપી છે. પીએમ કિસાન યોજનાનો ૧૩મો હપ્તો આજે એટલે કે ૨૭ ફેબ્રુઆરીએ જારી કરી દેવામાં આવ્યો છે. કિસાનોના ખાતામાં આ રકમ ડીબીટી માધ્યમથી મોકલવામાં આવી છે. કુલ ૮ કરોડથી વધુ કિસાનોના ખાતામાં ૧૬ હજાર કરોડથી વધુ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

પીએમ કિસાન યોજના હેઠળ, પાત્ર ખેડૂત



પરિવારોને બે હજાર રૂપિયાના ત્રણ હપ્તા આપવામાં આવે છે, એટલે કે કુલ ૬૦૦૦ રૂપિયા. ૧૨મો હપ્તો ૧૭મી ઓક્ટોબરે મોકલવામાં આવ્યો હતો. તેની શરૂઆત ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ થઈ હતી. પીએમ-કિસાનની રકમ સીધી લાભાર્થીઓના બેંક ખાતામાં જમા થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

## શિજિયાંગમાં ભૂકંપના આંચકા અનુભવાયા

**તુર્કી અને સીરિયામાં ભૂકંપે તબાહી વચ્ચે વધુ આંચકા : અક્સુ પ્રદેશના વેનસુ કાઉન્ટીમાં સવારે ૭:૫૮ વાગ્યે રિક્ટર સ્કેલ પર ૫.૧ની તીવ્રતા ધરાવતો ભૂકંપ આવ્યો**

બેઈજિંગ, તા.૨૭

તુર્કી અને સીરિયામાં ભૂકંપે તબાહી મચાવી છે ત્યારે હવે ચીનના ઉત્તર પશ્ચિમ પ્રાંત શિજિયાંગમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ચાઈના અર્થક્વેક નેટવર્ક સેન્ટરના જણાવ્યા પ્રમાણે અક્સુ પ્રદેશના વેનસુ કાઉન્ટીમાં સવારે ૭:૫૮ વાગ્યે રિક્ટર સ્કેલ પર ૫.૧ની તીવ્રતા ધરાવતો ભૂકંપ આવ્યો હતો. સીઈએનસીએ જણાવ્યું કે, ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિલોમીટરની ઊંડાઈએ ૪૧.૮૭ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૭૯.૮૫ ડિગ્રી પૂર્વ રેખાંશ પર જોવા મળ્યું હતું. ભૂકંપનું કેન્દ્ર અક્સુ શહેરથી ૮૪ કિમી અને પ્રાદેશિક રાજધાની ઉરુમકીથી ૬૭૦ કિમી દૂર હતું. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા પ્રમાણે હજુ સુધી કોઈ જાનહાનિ કે સંપત્તિને નુકસાન નથી થયું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સ્થાનિક પાવર ગ્રીડ કામગીરી, તેલ અને ગેસ ઉત્પાદન એકમો અને મોટા પેટ્રોકેમિકલ સાહસોને ભૂકંપથી કોઈ અસર નથી થઈ. તેમનું ઉત્પાદન અને કામગીરી સામાન્ય રીતે ચાલુ છે. આ અગાઉ ૨૩ ફેબ્રુઆરીએ ચીનના તાજિકિસ્તાનની સરહદ નજીક ૭.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. શિજિયાંગ ક્ષેત્ર અને તાજિકિસ્તાનની સરહદ નજીક સવારે ૮:૩૭ વાગ્યે આશરે ૭.૩ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

ભૂકંપનું કેન્દ્ર ચીન સાથેની તાજિકિસ્તાનની નજીકની સરહદથી લગભગ ૮૨ કિમી દૂર હતું. ભૂકંપનો આંચકો એટલો જોરદાર હતો કે તે શિજિયાંગ ક્ષેત્રના

● અનુસંધાન પાન-૭ પર

## રશિયાને સૈન્ય મદદ કરશે તો ચીને કિંમત ચૂકવવી પડશે

**અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારની ચીનને ચેતવણી : આ યુદ્ધ બેજિંગ માટે વાસ્તવિક જટિલતાઓ પ્રસ્તુત કરે છે, બેજિંગે નિર્ણય કરવો પડશે કે તે કેવી રીતે આગળ વધવા માગે છે**

વૉશિંગ્ટન, તા.૨૭

અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવને કહ્યું હતું કે જો ચીન યુક્રેન વિરુદ્ધ યુદ્ધમાં રશિયાને સૈન્ય મદદ કરશે તો તેણે વાસ્તવિક કિંમત ચૂકવવી પડશે. તેમણે કહ્યું કે આ યુદ્ધ બેજિંગ માટે વાસ્તવિક જટિલતાઓ પ્રસ્તુત કરે છે. બેજિંગે નિર્ણય કરવો પડશ કે તે કેવી રીતે આગળ વધવા માગે છે. શું તે સૈન્ય સહાય કરવા માટે તૈયાર છે? જો ચીન રશિયાને સૈન્ય સહાય આપશે તો તેણે ભોગવવા તૈયાર રહેવું જોઈએ.

તેમણે કહ્યું કે અમેરિકા ફક્ત ધમકી નથી આપી રહ્યું. અમેરિકા દાંવ અને પરિણામ બંને વિશે જણાવી રહ્યું છે.

મીડિયા અહેવાલો અનુસાર તેનું આ નિવેદન યુક્રેન યુદ્ધના એક મહત્ત્વપૂર્ણ પોઈન્ટ પર આવ્યું છે. તેમાં કહ્યું છે કે અમેરિકા પાસે એવી ગુપ્ત માહિતી આવી છે કે ચીનની સરકાર રશિયાને યુદ્ધમાં ઉપયોગ માટે ડ્રોન અને વિસ્ફોટક ઉપલબ્ધ કરાવવા વિચારી રહી છે.

સૂત્રો અનુસાર એવું લાગે છે કે બેજિંગે અત્યાર સુધી કોઈ નિર્ણય કર્યો નથી કેમ કે રશિયા અને ચીન વચ્ચે ઉપકરણોની કિંમત અને દાયરા વિશે વાતચીત ચાલી રહી છે. સુલિવને કહ્યું કે લોકો સાથે એમ કહી શકું કે આ યુદ્ધ અનપેક્ષિત છે.

એક વર્ષ પહેલા બધા જ કીવના પતન વિશે તૈયારી કરી રહ્યા હતા. એક વર્ષ બાદ બાઈડેન કીવમાં રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે ઊભા થઈને જાહેરાત કરી રહ્યા હતા કે કીવ હજુ અડીખમ છે. અમેરિકી વિદેશ વિભાગના પ્રવક્તા નેડ પ્રાઈસે રવિવારે કહ્યું કે અમેરિકાએ ક્રીમિયા પર રશિયાના કબજાને ન તો ક્યારેય માન્યતા આપી હતી અને ન તો આપશે.

## અગ્નિપથ યોજનાને પડકારતી અરજી દિલ્હી હાઈકોર્ટે ફગાવી

**અગ્નિપથ યોજના મામલે કેન્દ્ર સરકારને મોટી રાહત : આ યોજના દેશના હિતમાં અને સશસ્ત્ર દળોને વધુ સારી રીતે સજ્જ કરવા માટે તૈયાર કરવામાં આવી : હાઈકોર્ટ**

નવી દિલ્હી, તા.૨૭

દિલ્હી હાઈકોર્ટ દ્વારા અગ્નિપથ યોજના મામલે કેન્દ્ર સરકારને મોટી રાહત મળી છે. દિલ્હી હાઈકોર્ટે સરકારની અગ્નિપથ યોજનાને યોગ્ય ઠેરવતા તેને પડકારતી અરજીને ફગાવી દીધી છે. કોર્ટે અરજી ફગાવતા કહ્યું કે, અગ્નિપથ યોજના રાષ્ટ્રહિતમાં છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સતીશ ચંદ્ર શર્મા અને જસ્ટિસ સુબ્રમણ્યમ પ્રસાદની બેન્ચે આ નિર્ણય આપ્યો છે.




હાઈકોર્ટે એમ પણ કહ્યું કે, આ યોજના દેશના હિતમાં અને સશસ્ત્ર દળોને વધુ સારી રીતે સજ્જ કરવા માટે તૈયાર કરવામાં આવી છે. ચુકાદો આપતી વખતે કોર્ટે કહ્યું કે, કોર્ટને આ યોજનામાં દખલ કરવાનું કોઈ કારણ નથી મળ્યું. અગ્નિપથ યોજનાને પડકારતી તમામ અરજીઓ ફગાવી દેવામાં આવી છે. કોર્ટે ૧૫ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ આ અંગે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. કેન્દ્ર સરકારે ગયા વર્ષે ૧૪ જૂને અગ્નિપથ યોજનાની જાહેરાત કરી હતી.

સશસ્ત્ર દળોમાં યુવાનોની ભરતી કરવા માટે કેન્દ્ર સરકારે ગયા વર્ષે ૧૪ જૂને અગ્નિપથ યોજનાની જાહેરાત કરી હતી. યોજનાના નિયમો પ્રમાણે ૧૭ઘ થી ૨૧ વર્ષની વયજૂથના લોકો અરજી કરવા પાત્ર છે અને તેઓને ચાર વર્ષની મુદત માટે આવરી લેવામાં આવશે. યોજના હેઠળ, તેમાંથી ૨૫ ટકા સેવા નિયમિત કરવામાં આવશે.

આ યોજના હેઠળ કુલ અગ્નિવીરોના ૨૫ ટકાની સેવાઓને નિયમિત કરવામાં આવશે. બાકીનાને ભવિષ્ય માટે પ્રોફેશનલ ટ્રેનિંગ આપવામાં આવશે. તેમને એકીકૃત રકમ પણ મળશે. તેમાંથી ઘણાને કેન્દ્રીય દળો, પોલીસ દળ અને અન્ય વિભાગોમાં ભરતી પ્રક્રિયા હેઠળ છૂટછાટ અને પ્રાથમિકતા મળશે. જો કે, અગ્નિપથ યોજના શરૂ થયા બાદ ઘણા રાજ્યોમાં આ યોજનાનો ઉગ્ર વિરોધ થયો હતો. બાદમાં સરકારે ૨૦૨૨માં ભરતી માટે વય મર્યાદા વધારીને ૨૩ વર્ષ કરી હતી.

અગ્નિપથ યોજનાના વિરોધમાં ઉઠેલી આક્રોશની આગે દેશના

## કોર્પોરેટ ક્ષેત્રે ચુપચાપ ભરતીનો નવો ટ્રેન્ડ શરૂ થયો

નવી દિલ્હી, તા.૨૭

કોર્પોરેટ સેકટરમાં હાલમાં અલગ અલગ પ્રકારના ટ્રેન્ડ જોવા મળ્યા છે. જેમાં મોટી સંખ્યામાં રાજીનામું આપવુ, ચુપચાપ નોકરી છોડવી, એક સાથે બીજી અન્ય જગ્યા પર પણ નોકરી કરવી તેમજ કંપનીની પોલિસીથી નારાજ થઈ બીજી કંપનીમાં અરજી કરવી આવા અનેક ટ્રેન્ડ જોવા મળે છે. પરંતુ કોર્પોરેટ સેકટરમાં હાલ નવો ટ્રેન્ટ જોવા મળ્યો છે જેમાં ચુપચાપ નોકરીમાં ભરતી કરવામાં આવી રહી છે. જેમાં કંપનીઓ તેમની ત્યા કામ કરતાં કર્મચારીઓને ખાલી પડેલી જગ્યીઓ પર ભરતી કરી રહી છે

ટેકનીકલ કન્સલ્ટન્ટ અને રિસર્ચ કંપનીઓએ આ અંગે માહીતી આપતા કહ્યુ છે કે ૨૦૨૨ માં કંપનીઓ દ્વારા કોઈ પણ ભરતી કર્યા વગર માત્ર ટેલેન્ટવાળા લોકોને શોધવાનું કામ કરી રહી હતી. જે મુજબ કંપનીઓએ નવી ભરતીની જગ્યા પર ત્યાજ કામ કરતા ટેલેન્ટેડ સ્ટાફને પ્રમોટ કરી ભરતી કરવામાં આવી રહી છે. આ સિસ્ટમથી કંપનીઓને તેના કામમાં કોઈ ખલેલ નહી પહોચે તેમજ છટની કરવાની જરુર પણ નહી પડે.

## ચીન, હોંગકોંગ, પાક.માં ટ્રેનિંગ લેનારા શખ્સની મુંબઈમાં એન્ટ્રી

**એનઆઈએએ મુંબઈ પોલીસને એલર્ટ મોકલ્યું**

મુંબઈ, તા.૨૭

મુંબઈ પોલીસના સૂત્રોએ જણાવ્યું કે એનઆઈએએ મુંબઈ પોલીસને મહારાષ્ટ્રની રાજધાની શહેરમાં એક શંકાસ્પદ વ્યક્તિની પ્રવૃત્તિ વિશે એલર્ટ મોકલ્યું છે. એનઆઈએએ એક ઈમેલના માધ્યમથી મુંબઈ પોલીસને વાકેફ કરાવી અને કહ્યું કે સરફરાજ મેમણ તરીકે ઓળખ ધરાવતી એક વ્યક્તિ શહેરમાં પહોંચી ગઈ છે અને પોલીસને એલર્ટ રહેવા માટે કહ્યું છે. એનઆઈએના ઈમેલમાં મેમણને ભારત માટે ખતરનાક ગણાવાયો છે. મુંબઈ પોલીસના

● અનુસંધાન પાન-૭ પર

## માર્ચથી જૂન મહિનામાં વીજળીની માંગ અચાનક વધતા પુરવઠાની સમસ્યા થશે

**કોરોના બાદ ભારે ઉદ્યોગ ફરી એકવાર શરૂ થયો છે : ગરમીની મોસમ અસામાન્ય રીતે શરૂ થઈ છે, તે જ સમયે, દેશમાં સિંચાઈ પંપ અને એર કંડિશનર્સના જોરશોરથી વેચાણને કારણે, વીજળીનો વપરાશ વધી શકે છે**

નવી દિલ્હી, તા.૨૭

દેશમાં શિયાળાની મોસમ પૂરી થઈ ગઈ છે. તેમજ માર્ચ મહિનાથી સારી એવી ગરમી શરૂ થશે. અત્યારે ફેબ્રુઆરીમાં જ દેશના કેટલાક ભાગોમાં તાપમાન ૩૦ થી ૩૫ ડિગ્રી સુધી જવા લાગ્યું છે. જેના કારણે ઘરોમાં પંખા દોડવા લાગ્યા છે. જેના કારણે આ શહેરોમાં વીજળીની માંગ વધી છે, જે ગયા વર્ષની સરખામણીમાં રેકોર્ડ સ્તરે જોવા મળી રહી છે. આગામી માર્ચથી જૂન મહિનામાં વીજ પુરવઠો અચાનક વધુ વધી શકે છે.



આ વર્ષે જાન્યુઆરી ૨૦૨૩માં વીજળીની માંગ ૨૧૧ ગીગાવોટ સુધી પહોંચી હતી. ગયા ઉનાળા કરતાં આ વપરાશ ઊંચા સ્તરે રહ્યો છે. હવે દેશમાં કોરોના રોગચાળાને લગતા પ્રતિબંધો હટાવવાની સાથે, ભારે ઉદ્યોગ ફરી એકવાર શરૂ થયો છે. ધ્યાન રહે કે તે સમયે ગરમીનો ૧૨૨ વર્ષ જૂનો રેકોર્ડ પણ તૂટી ગયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## સેન્સેક્સમાં ૧૭૬, નિફ્ટીમાં ૭૩ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ, તા.૨૭

વૈશ્વિક બજારમાં નબળા સેન્ટિમેન્ટ વચ્ચે સ્થાનિક શેરબજાર સતત સાતમા સત્રમાં લાલ નિશાન સાથે બંધ થયું હતું. બીએસઈ સેન્સેક્સ ૧૭૫.૫૮ પોઈન્ટ એટલે કે ૦.૩૦ ટકાના ઘટાડા સાથે ૫૯,૨૮૮.૩૫ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. એ જ રીતે, એનએસઈ નિફ્ટી ૭૩.૧૦ પોઈન્ટ્સ અથવા ૦.૪૨ ટકાના ઘટાડા સાથે ૧૭,૩૯૨.૭૦ પોઈન્ટ પર બંધ થયો હતો.

અદાણી ગ્રુપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસ નિફ્ટીમાં સૌથી વધુ ૯.૭૪ ટકા ઘટીને બંધ રહ્યો હતો. બજાજ ઓટો ૫.૩૨ ટકા, યુપીએલ ૪.૧૦ ટકા, ટાટા સ્ટીલ ૨.૯૬ ટકા અને ઈન્ફોસિસ ૨.૫૮ ટકા ડાઉન હતા.

## દિલ્હીથી બિહાર જતી બસ પલટી જતાં ત્રણનાં મોત, ૨૨ ઘાયલ

**યમુના એક્સપ્રેસ વે પર ગમખ્વાર અકસ્માત : ગમખ્વાર અકસ્માત બાદ ઘાયલમાંથી ૬ લોકોને ગંભીર હાલતમાં સારવાર માટે આગ્રા રીફર કરવામાં આવ્યા**

મથુરા, તા.૨૭

રવિવારે મોડી રાત્રે મથુરા જિલ્લાના સુરીર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના યમુના એક્સપ્રેસ વે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. દિલ્હીથી બિહાર જઈ રહેલી બસ બેકાબૂ થઈને પલટી ગઈ હતી. બસ પલટી જતાં ૩ લોકોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા જ્યારે બસમાં સવાર ૨૨ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલમાંથી ૬ લોકોને ગંભીર હાલતમાં સારવાર માટે આગ્રા રીફર કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા જ જિલ્લા વહીવટીતંત્રમાં હડકંપ મચી ગયો હતો અને ડીએમ, એસએસપી સહિત પોલીસ અને યમુના એક્સપ્રેસ વેના સુરક્ષાકર્મીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ઘાયલોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે જિલ્લા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ પોલીસે મૃતકોના મૃતદેહોને કબજે કરીને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા હતા. પ્રાપ્ત માહિતી પ્રમાણે બસ ડ્રાઈવર દારૂના નશામાં હતો જેના કારણે તેણે બસ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને બસ તેજ ઝડપે બેકાબૂ થઈને યમુના એક્સપ્રેસ વેના ડિવાઈડર સાથે અથડાઈને પલટી ગઈ હતી. અકસ્માત બાદ યમુના એક્સપ્રેસ વે પર હોબાળો મચી ગયો હતો.

